
# પ્રાચીન સ્તવનાવલી

## ૫

## શ્રી સુમતિનાથ ભગવાન





## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૫

## શ્રી સુમતિનાથ ભગવાન

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુમતિ જયંત વિમાનથી | શ્રી વીરવિજયજી | ૧ |
| સુમતિનાથ સુહંકરૂ, કોશલ્લા | શ્રી પદ્મવિજયજી | ૧ |
| શ્રાવણ શુદ બીજે ચવ્યા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુમતિ-ચરણ-ક જ આતમ | શ્રી આનંદઘનજી | ૨ |
| સુમતિનાથ ગુણશું મિલીજી | શ્રી યશોવિજયજી | ૩ |
| સુમતિનાથ દાતાર | શ્રી યશોવિજયજી | ૪ |
| નયરી અયોધ્યા રે માતા | શ્રી યશોવિજયજી | ૫ |
| ધન ધન દિવસ આજનો માહરો | શ્રી ભાણવિજયજી | ૬ |
| સુમતિ સદા દિલમેં ધરો | શ્રી આનંદવર્ધનજી | ૭ |
| સમકિત તાહરું સોહામણું | શ્રી કીર્તિવિમલજી | ૭ |
| રૂપ અનૂપ સુમતિ જિન | શ્રી શાંતિવિજયજી | ૮ |
| સાહિબા ! સુમતિ-જિણંદા ! | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૦ |
| સુહકર સુમતિ-જિણેસર | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| વંદું જિનવર પાંચમોજી | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| નિરખ વદન સુખ | શ્રી હરખચંદજી | ૧૨ |
| સાજન ! સુમતિ સદા ચિત | શ્રી નયવિજયજી | ૧૩ |
| સાંભલિ સુમતિ જિનેસ | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| સુમતિકારી સુમતિ વારૂ, | શ્રી ઉદયરત્નજી | ૧૪ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુમતિ-જિણેસર ! સાંભળ | શ્રી જિનવિજયજી | ૧૫ |
| તુમ્હ હો પર-ઉપગારી ! | શ્રી જિનવિજયજી | ૧૬ |
| આજ સુમતિ-જિન સાહેબ | શ્રી હંસરત્નજી | ૧૭ |
| પ્રભુજીશું બાંધી પ્રીતડી | શ્રી મોહનવિજયજી | ૧૮ |
| સુમતિ સુમતિ સલૂણા મહારા | શ્રી રામવિજયજી | ૧૯ |
| પંચમ સુમતિ જિણેસર | શ્રી રામવિજયજી | ૨૦ |
| જીવડા ! (તુજ) તજ વિષયાંરી | શ્રી કાંતિવિજયજી | ૨૧ |
| કોઈ સુમતિ સુધારસ | શ્રી ન્યાયસાગરજી | ૨૨ |
| જીહો ! સુમતિ-જિનેસર | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| સેવો સુમતિ-જિનેસર સાહિબો, | શ્રી પદ્મવિજયજી | ૨૪ |
| પંચમ જગપતિ વંદિયેં—સાહેલડીયાં | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| સુમતિજિણેસર ! પ્રભુ ! | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૬ |
| સુમતિ જિણેસર સેવીયે હો | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| સુમતિ જિનેશ્વર મૂરત | શ્રી દાનવિમલજી | ૨૮ |
| સુમતિજિણેસર સાહિબો રે | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| તું હી એક પ્યારો પ્રાન | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| સુમતિ[૧] જિનેશ્વર સેવા સારી | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| શ્રી સુમતિ જિણેસર અતિ | શ્રી ભાણચંદ્રજી | ૩૧ |
| સુમતિજિણેસર સાહિબ સેવો | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| હાંરે ! વાલ્હો ! સુમતિજિણંદ | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| અહો શ્રી સુમતિજિન શુદ્ધતા | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પૂરણ પુણ્યે પામીએ, સુમતિ | શ્રી જીવણવિજયજી | ૩૭ |
| સુમતિ-જિનેસર ! જગ-પરમેસર | શ્રી દાનવિજયજી | ૩૮ |
| સુમતિ-જિનેશ્વર સાહિબો હો | શ્રી મેઘવિજયજી | ૩૯ |
| સુમતિ-જિનેસર સાહિબા | શ્રી કેશરવિમલજી | ૪૦ |
| પ્રભુ સુમતિ-જિનંદાજી | શ્રી કનકવિજયજી | ૪૧ |
| પ્રભુ ! સુણજ્યો રે | શ્રી રૂચિરવિમલજી | ૪૨ |
| મેઘ-રાયા કુલ ચંદલો રે-લાલા | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૩ |
| સુમતિ-જિનેશ્વર સાહિબોજી | શ્રી રતનવિજયજી | ૪૪ |
| સુમતિ-જિનેસર સેવઈ રે | શ્રી માણેકમુનિ | ૪૫ |
| સુગુણ સોભાગી રે | શ્રી દીપવિજયજી | ૪૫ |
| અભિનંદણ-સુમતિ જિણ | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| અતુલ-બલ અરિહંત નમીજેં | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| તુમ હો બહુ-ઉપગારી ! | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૪૮ |
| તેરી ગતિ તુંહી જાને | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| સુમતિ સુમતિદાયક સદા | શ્રી જગજીવનજી | ૪૯ |
| જીઉ રે ! પ્રભુ-ચરને ચિત્ત લાય। | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| સુમતિનાથ સાચા હો ! પરિપરિ | શ્રી યશોવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુમતિ સુમતિ દાઈ, | શ્રી પદ્મવિજયજી | ૫૨ |
| સુમતિ સ્વર્ગ દિયે | શ્રી વીરવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તારીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી સુમતિનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ;
રાક્ષસગણ પંચમ પ્રભુ, સિંહ રાશિ ગુણ ધામ....।।૧।।

મઘા નક્ષત્રે જનમિયા, મૂષક યોનિ જગદીશ,
મોહરાય સંગ્રામમાં, વરસ ગયાં છવીશ....।।૨।।

જીત્યો પ્રિયંગુ તરૂ તલેએ, સહસ મુનિ પરિવાર;
અવિનાશી પદવી વર્યા, **વીર** નમે સાવાર...।।૩।।

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

**સુમતિનાથ સુહંકરૂ, કોશલ્લા જસ નયરી;**
મેઘરાય મંગલાતણો, નંદન જિત વયરી...।।૧।।

કૌંચ લંછન જિનરાજીયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીશ લાખ પુરવતણું, આયુ અતિ ગુણ-ગેહ...।।૨।।

સુમતિ ગુણે કરી જે ભર્યાએ, તર્યા સંસાર અગાધ;
તસ પદ **પદ્મ** સેવાથકી, લહો સુખ અવ્યાબાધ...।।૩।।

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

શ્રાવણ શુદ બીજે ચવ્યા, મેહેલીને જયંત;
પંચમી ગતિદાયક નમું, પંચમ જિન સુમતિ....॥૧॥
શુદિ વૈશાખની આઠમે, જનમ્યા તેમ સંયમ;
શુદિ નવમી વૈશાખની, નિરૂપમ જસ શમદમ....॥૨॥
ચૈત્ર ઇગ્યારશ ઉજલીએ, કેવલ પામે દેવ;
શિવ પામ્યા તિણ નવમી એ, નય કહે કરો તસ સેવ....॥૩॥

# શ્રી સુમતિનાથ ભગવાનના ચૈત્યવંદન

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ—વસંત-કેદારો)

સુમતિ-ચરણ[૧]-ક જ આતમ-અરપણા, દર્પણ જિમ અ-વિકાર[૨]-સુજ્ઞાની।
મતિ-તરપણ[૩] બહુ-સમ્મત જાણીયેં, પરિસરપણ[૪] સુવિચાર-સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૧॥
ત્રિવિધ સકળ તનુ-ધર[૫] ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ-સુજ્ઞાની।
બીજો અંતરઆતમ, તીસરો પરમાતમ અ-વિછેદ સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૨॥
આતમબુદ્ધેં હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ[૬]-સુજ્ઞાની।
કાયાદિકનો હો સાખી[૭]-ધર રહ્યો, અંતર આતમ રૂપ-સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૩॥

જ્ઞાનાનંદે હો પૂરણ-પાવનો, વરજિત[૮] સકળ-ઉપાધિ—સુજ્ઞાની ।
અતીંદ્રિય[૯]-ગુણગણ-મણિ-આગરૂ, ઈમ પરમાતમ સાધ-સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૪॥

બહિરાતમ તજી અંતર-આતમા, રૂપ થઇ થિરભાવ-સુજ્ઞાની ।
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ-અર્પણ દાવ[૧૦]-સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૫॥

આતમ-અર્પણ-વસ્તુ વિચારતાં ભરમ ટળે મતિ-દોષ—સુજ્ઞાની ।
પરમ-પદારથ-સંપત્તિ સંપજે, **આનંદઘન**-રસ-પોષ—સુજ્ઞાની૦
સુમતિ૦ ॥૬॥

---

૧. ચરણ-કમળ ૨. વિકાર-રહિત ૩. બુદ્ધિની ચંચળતાના નાશથી થતી તૃપ્તિ ૪.સર્વ રીતે અન્ય-પદાર્થોમાં બુદ્ધિના વળણથી અળગા થવું ૫. સઘળા સંસારી જીવોમાં રહેલ આત્મા ૬. પાપરૂપ ૭. સાક્ષીરૂપ ૮. સઘળી ઉપાધિઓથી રહિત ૯. ઇન્દ્રિયો વડે ન જાણી શકાય પણ અંતરના ક્ષાયોપશમિક-અનુભવથી પ્રકટ થયેલા અનંત-જ્ઞાનાદિ ક્ષાયિક ગુણના સમૂહરૂપ રત્નોની ખાણ ૧૦. ઉપાય

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઝાંઝરીયા મુનિવરની દેશી)

**સુમતિનાથ** ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ
તેલ-બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહી ભલી રીતિ-
સોભાગી જિનશું લાગો અ[૧]-વિહડ રંગ—સોભાગી૦(૧)

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય
પરિમલ[૨] કસ્તુરીતણોજી મહી[૩] માંહિ (મહિમાએ) મહકાય—સોભાગી૦(૨)

અંગુલીયેં નવિ મેરુ ઢંકાયેં, છાબડીયેં રવિ-તેજ
અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ[૪]—હેજ—સોભાગી૦(૩)

હુઓ છિપે નહીં અધર[૫]-અરૂણ[૬] જિમ, ખાતાં પાન સુરંગ[૭]
પીવત ભર-ભર પ્રભુ-ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અ[૮]-ભંગ-સોભાગી૦(૪)

ઢાંકી ઈક્ષુ[૯] પરાળશું જી,[૧૦] ન રહે લહી વિસ્તાર,
વાચક **જશ** કહે પ્રભુ તણોજી તિમ મુજ પ્રેમ-પ્રકાર— સોભાગી૦(૫)

---

૧. ન જાય તેવો ૨.સુગંધ ૩. પૃથ્વીમાં પ્રબળ સુગંધના પ્રભાવથી ૪. ભક્તિરાગ ૫. ઓઠ
૬. લાલ ૭. સારું-શ્રેષ્ઠ ૮. અ-ટૂટ ૯. શેલડી ૧૦. ઘાસથી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

**(ઘુઘરિયાળો ઘાટ-એ દેશી)**

**સુમતિનાથ** દાતાર, કીજે ઓળગ[૧] તુમ તણી રે
દીજે શિવ-સુખ સાર, જાણી ઓળગ જગ-ધણી રે—સુમતિ૦

અખર[૨] ખજાનો તુજ, દેતાં ખોડિ લાગે નહિ રે
કિસી વિસામણ[૩] ગુજઝ[૪] ? મચક[૫]થાકે ઊભા રહી રે—સુમતિ૦

રવણ કોડ તે ઝીધ, ઊરણ[૬] વિશ્વ તદા કીઓ રે
વાચક **જશ** સુપ્રસિદ્ધ, માગે તીન રતન દીઓ રે—સુમતિ૦

---

૧. સેવા ૨. ખોટ-ખાટ ૩. વિચાર-ચિંતા ૪. ખાનગી ૫. માંગનારા ૬. ઋણ-દેવા વગરનું

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ભોલુડા રે હંસા-એ દેશી)

**નયરી અયોધ્યા** રે માતા **મંગલા**, **મેઘ** પિતા જસ ધીર,
લંછન ક્રૌંચ કરેં પદ-સેવના, સોવન-વાન-શરીર૦(૧)

મુજ મન મોહ્યું રે **સુમતિ**-જિણેસરે, ન રૂચે કો પર[૧]-દેવ;
ખિણ-ખિણ સમરૂં રે ગુણ પ્રભુજી તણા, એ મુજ લાગી રે ટેવ—મુજ૦(૨)

ત્રિણસેં ધનુ તનુ, આયુ ધરેં પ્રભુ, પૂરવ લાખ ચ્યાલીશ,
એહ-સહસશ્યું દીક્ષા આદરી, વિચરે શ્રી જગદીશ—મુજ૦(૩)

સમેતશિખરગિરિ શિવ[૨]-પદવી લહી, ત્રિણ લાખ વીશ હજાર,
મુનિવર પણ[૩] લખ પ્રભુની સંયત્તિ[૪], ત્રીશ સહસ વળી સાર—મુજ૦(૪)

શાસનદેવી મહાકાળી ભલી, સેવે તુંબરૂ યક્ષ,
**શ્રી નયવિજય** બુધ સેવક ભણે, હોજો મુજ તુજ[૫] પક્ષ- —મુજ૦(૫)

---

૧. બીજા દેવ ૨. મોક્ષ-પદવી ૩. પાંચ ૪. સાધ્વી ૫. તમારી આજ્ઞા

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (માહરું મન પાત્યું રે માધવ દેખતાં રે-એ દેશી)

ધન ધન દિવસ આજનો માહરો રે, ધન ધન વળી ઘડી એહ !
ધન ધન સમય વળી જે તાહરૂં રે, દરિશણ દિઠું નયણેહ-
મારું મન માન્યું રે સુમતિજિણંદશું રે—મારું૦(૧)

સુંદર મૂરતિ દીઠી મેં તાહરી રે, કેતલે દિવસે આજ
નયન પાવન થયાં પ્રભુજી માહરા રે, પાપ-તિમિર[1]ગયાં ભાજ—મારું૦(૨)

ખાસોં[2] ખિજમતગાર[3] તે જાણીને રે, કરુણા ધરો મનમાંહી,
સેવક ઉપર હિત[4] બુધ આણીને રે, ધરી વળી હૃદય ઉમાહી[5]—મારું૦(૩)

નિર્મલ સેવામૃત મુજ આપીએ રે, જિમ બૂઝે ભવના રે તાપ,
હવે દરિશણનો વિરહ તે મત કરો રે, વળી મેટજ્યો મનનો સંતાપ—મારું૦(૪)

ઘણું ઘણું શું કહીએ તુમને રે, છો તુમે ચતુર સુજાણ;
મુજ મનવંછિત પૂરજ્યો ઈમ ભણે રે, પંડિત **પ્રેમનો ભાણ** —મારું૦(૫)

---

૧. તિમિર નામનો આંખનો રોગ છે; જેથી વસ્તુ મૂળરૂપે ન દેખાય, તે મિથ્યાત્વ રૂપ તિમિર મારા ભાવચક્ષુ આગળથી આજે દૂર થયાં ૨. મુખ્ય ૩. સેવક ૪. હિતબુદ્ધિ ૫. ઉમંગ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (દૂલીચે ખાન કે-એ દેશી)

સુમતિ સદા દિલમેં ધરો, છંડો કુમતિ-કુસંગ —સલૂણે૦
સાચે-સાહિબ શું મિલો, રાખો અવિહડ[1]-રંગ-સલૂણે—સુમતિ૦(૧)
પરમાનંદ પદ પાઈએ, લહિયે વાસ સુવાસ—સલૂણે૦
જગ અપનો કરી લીજીયે, અસે સુમતિ નિવાસ—સલૂણે—સુમતિ૦(૨)
ઉંડે અર્થ વિચારીયે, ઊંડે શું ચિત્ત લાય—સલૂણે૦
ઓછે[2] સંગ ન કીજીયે, ઓછે ફિર બદલાય-સલૂણે—સુમતિ૦(૩)
રાજહંસ મોતી ચુંગે, કબહુ ન કંકર ખાય-સલૂણે૦
પાદુ-ધની પટંતરો,[3] **આનંદ સુમતિ** ઠહરાય-સલૂણે—સુમતિ૦(૪)

૧. દૃઢ ૨. હલકાનો ૩. વહેંચણી

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (જગ-જીવન જગ-વાલહો-એ દેશી)

સમકિત તાહરું સોહામણું, વિશ્વ-જંતુ-આધાર-લાલ રે;
કૃપા કરી પ્રકાશીયે, મટે તે મોહ[1]-અંધાર-લાલ રે સમકિત૦(૧)
નાણ[2]-દંસણ આવરણની, વેયણી[3] મોહની જાણ-લાલ રે;
નામ-ગોત્ર-વિઘ્નની[4] સ્થિતિ, એક કોડાકોડ-માણ-લાલ રે-સમકિત૦(૨)
યથા પ્રવૃત્તિ-કરણ તે ફરશે અનંતી વાર-લાલ રે;
દર્શન તાહરું નવિ લહે, દુરભવ્ય-અભવ્ય અ-પાર-લાલ રે—સમકિત૦(૩)
શુદ્ધ-ચિત્ત[5] મોગર કરી, ભેદે અનાદિ-ગાંઠ-લાલ રે;
નાણા[6]-વિલોચને દેખીયે, સિદ્ધ[7]-સરોવર કંઠ-લાલ રે—સમકિત૦(૪)

ભેદ અનેક છે તેહના, બૃહત્[૮]-ગ્રંથ-વિચાર લાલ રે;
સુસંપ્રદાય-અનુભવથકી, ધરજો શુદ્ધ-આચાર. -લાલ રે—સમકિત૦(૫)
અહો ! અહો ! સમકિતનો સુણો, મહિમા અનોપમ સાર-લાલ રે;
શિવ[૯]-શર્મ દાતા એહ સમો, અવર ન કો સંસાર-લાલ રે—સમકિત૦(૬)
શ્રી **સુમતિ**-જિણેસર-સેવથી, સમકિત શુદ્ધ કરાય-લાલ રે;
**કીર્તિ વિમલ**-પ્રભુની કૃપા, શિવ-લચ્છિ ઘર આય-લાલ રે—સમકિત૦(૭)

---

૧. મોહનો અંધકાર ૨. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયની ૩. વેદનીય ૪. અંતરાયની ૫. શુદ્ધ મન રૂપી લોખંડી ગદા (હથિયાર વિશેષ) ૬. ક્ષયોપશમની વિચિત્રતાથી ભિન્ન-ભિન્ન રૂપ જ્ઞાન-ચક્ષુથી ૭. સિદ્ધના જીવો જ્યાં છે તે શ્રેષ્ઠ-સરોવરનો કિનારો ૮. બૃહત્ કલ્પ ભાષ્ય ૯. મોક્ષસુખ દેનાર

## કર્તા : શ્રી શાંતિવિજયજી મ.

### (થારા મોહલાં ઉપર મેહ૦-એ દેશી)

રૂપ અનૂપ[૧] **સુમતિ** જિન ! તાહરું-હો લાલ—સુમતિ૦,
છાંડી ચપળ સ્વભાવ, ઠર્યું મન માહરું-હો લાલ—ઠર્યું૦
રૂપી[૨](૫) સરૂપ[૩] ન હોત, જો જગ તુજ દીસતું-હો લાલ—જો૦
તો કુણ ઉપર મન્ન, કહો ! અમ હીંસતું[૪]-હો લાલ—કહો૦...(૧)

હીંસ્યા[૫] વિણ કિમ શુદ્ધ, સ્વભાવને ઈચ્છતા ?-હો લાલ-સ્વભાવ૦,
ઈચ્છા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા[૬] ?-હો લાલ—પ્રગટ૦
પ્રીછ્યા વિણુ કિમ ધ્યાન-દશામાંહી લ્યાવતા હો લાલ૦
લાવ્યા વિણ રસસ્વાદ, કહો કિમ પાવતા ?-હો લાલ—કહો૦...(૨)

ભક્તિ વિના નવિ મુક્તિ, હુયે કોઈ ભગતને-હો લાલ—હુયે૦
રૂપી (૫) વિના તો તેહ, હુયે કિમ વ્યગતને[૭] ?-હો લાલ—હુયે૦
ન્હવણ વિલેપન માળ, પ્રદીપને ધૂપણા-હો લાલ—પ્રદીપ૦
નવ-નવ ભૂષણ ભાળ, તિલક શિર[૮]-ખૂંપણા-હો લાલ—તિલક૦...(૩)

અમ સત્[૯] પુણ્યને યોગે, તુમે રૂપી થયા-હો લાલ—તુમે૦
અમૃત-સમાણી વાણી, ધરમની કહી ગયા-હો લાલ—ધરમની૦
તેહ આલંબીને જીવ, ઘણાએ બૂઝીયા-હો લાલ—ઘણા૦
ભાવી ભાવન[૧૦] જ્ઞાને, અમો પણ રંઝિયા-હો લાલ—અમો૦...(૪)

તે માટે તુજ પિંડ[૧૧], ઘણા ગુણ કારણો-હો લાલ—ઘણા૦
સેવ્યો ધ્યાયો હુયે, મહાભય-વારણો-હો લાલ—મહા૦
**શાંતિવિજય** બુધ શીશ, કહે ભવિકા જના-હો લાલ—કહે૦
પ્રભુનું **પિંડસ્થ** ધ્યાન, કરો થઈ ઈકમના-હો લાલ—કરો૦...(૫)

---

૧. અપૂર્વ-સુંદર ૨. સુંદર ૩. સુંદર ૪. ભક્તિપૂર્વક ઉલ્લાસવાળું ૫. ભક્તિ-ઉલ્લાસ વિના ૬. તપાસપૂર્વક પ્રાપ્તિ થાય ૭. આરાધકને ૮. મુગટ વગેરે ૯. સત્પુણ્યના યોગે ૧૦. ભાવના જ્ઞાનથી ૧૧. સ્થૂલ શરીર

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (દેશી-બીંદલીની-સીતા અતિ રૂડી-એ દેશી)

સાહિબા ! **સુમતિ**-જિણંદા ! ટાળો ભવ-ભવ મુજ ફંદા –શ્રી જિન સેવા રે !
તુજ દરિસણ અતિ-આનંદા, શ્રી૦ તું સમતા-રસના કંદા–શ્રી૦....(૧)

સુમતિ સુમતિ જબ આવે, તવ કુમતિનો દાવ ન ફાવે–શ્રી૦
તુજ સરૂપ[1] જબ ધ્યાવે, તબ આતમ-અનુભવ પાવે–શ્રી૦....(૨)
તું હી જ છે આપ અ-રૂપી, ધ્યાયે કબહુ ભેદે રૂપી–શ્રી૦
સહજે વળી સિદ્ધ-સ્વરૂપી, ઈમ જોતાં તું બહુરૂપી–શ્રી૦....(૩)

ઈમ અલગો-વિલગો હોવે, કિમ મૂઢમતિ ! તું જોવે ?–શ્રી૦
જે અનુભવ-રૂપે જોવે,તો મોહ-તિમિરને ખોવે–શ્રી૦....(૪)

**સુમંગલા** જેહની માતા; તું પંચમ-ગતિનો[2]દાતા–શ્રી૦
**જ્ઞાનવિમલ** પ્રભુ જ્ઞાતા, તું માતા ત્રાતા ભ્રાતા–શ્રી૦....(૫)

---

૧. સ્વરૂપ ૨. મોહ અંધકારને ૩. મોક્ષગતિનો

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ રામગિરિ-મહાજસ એહ વિચાર કરીજે-એ દેશી)

સુહકર સુમતિ-જિણેસર સેવો, જેહનું દરિશન સુર-નર ચાહે,
જિમ અમૃત-રસ મેવો—સુહ૦.....(૧)

મેઘરાય-સુત મેઘ સરીઓ, પાપ-સંતાપ નિવારે
માત મંગલા કુંવર બહુળી, મંગળવેલ વધારે—સુહ૦....(૨)

ક્રૌંચ લંછન ત્રણસેં ધનુ ઉન્નત, કાયા કંચન સમ વાને
વંશ-ઈક્ષાગ-દિવાકર ધ્યાઓ, રાગ[૧]-તિમિર શમવાને—સુહ૦.....(૩)

કોસલપુર[૨]-નાયકને સેવે, પાયકપરિ[૩] સુર-વૃંદા
આયુ પૂરવ લાખ ચ્યાલીસ પાળી, પામ્યો પરમ-આનંદા —સુહ૦....(૪)

શાસનદેવી મહાકાલી જસ, સુર-વર તુંબરૂ નામે
તે પંચમ-જિન થુણતાં ભાવે, ભાવ-પરમપદ-કામે—સુહ૦....(૫)

---

૧. રાગરૂપ અંધકાર શમાવવાને=શાંત કરવા માટે ૨. અયોધ્યાનગરી ૩. સેવકની જેમ

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (ગિરૂઆ ગુણ વીરજી—એ દેશી.)

વંદું જિનવર પાંચમોજી, વિરતિ[1]-વધૂ ભરતાર
મુગતિ-પંથ દેખાડવાજી, જિણે લીધો અવતાર[2]
પૂજો રે ! ભવિજન ! સુમતિ સુમતિ-દાતાર—પૂજો૦(૧)
ધન ધન માતા મંગલાજી[3], જસ સુત જગ આધાર
કરુણા-સાયર સુંદરૂજી, ધર્મ[4]-લતા જલધાર—પૂજો૦(૨)
મેઘ[5] મહીપતિ કુળતિલોજી મુખ[6]-જિત પૂનિમચંદ
શરણ હજો ! મુજ તાહરુંજી, **વિનય** ભણે આનંદ—પૂજો૦(૩)

---

૧. વિરતિરૂપ સ્ત્રી ૨. જન્મ ૩. પાંચમા તીર્થંકરની માતાનું નામ છે ૩. ધર્મરૂપ વેલડી માટે પાણીની ધાર જેવા ૫. પાંચમા તીર્થંકરના પિતાનું નામ ૬. મુખથી જીત્યો છે પૂનમનો ચંદ્ર જેણે

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ—રામકલી)

નિરખ[1] વદન[2] સુખ પાયો મેં પ્રભુ ! તેરો—નિરખ૦
સુમતિનાથજીકે મુખકી શોભા, દેખત ચિત્ત ઉમાયો[3] —નિરખ૦.....(૧)
મેઘનૃપતિ કે નંદ આનંદન, માતા સુમંગલા જાયો
લંછન ક્રૌંચ અયોધ્યા ઉપજત, કનકબરન તનુ[4] છાયો —નિરખ૦.....(૨)
ધનુષ તીનસત માન બિરાજત, જસુ જસ ત્રિહું જગ છાયો
ચાલીસ લાખ પૂરવ વત્સરકો, આયુ પ્રમાન બતાયો —નિરખ૦ .....(૩)

પંચમજિન પંચમગતિ પામી, પરમપુરુષ જિન ધ્યાયો
**હરખચંદ**કે ચિત્તમેં તુમ બિન, અવર દેવ નહીં આયો –નિરખ૦.....(૪)

૧. નિરખી=જોઈને ૨. મુખ ૩. ઉલ્લસ્યું ૪. શરીરની કાંતિ

## કર્તા : શ્રી નયવિજયજી મ.

**(દેશી નણદલની-સાહિબ ! બાહુ જિનેસર વિનતિ-એ દેશી)**

સાજન ! સુમતિ સદા ચિત ધરીયે, વારીયે કુમતિ-પ્રસંગ[1] હો,
સાજન ! કલિમલ[2] દૂરે ડારીયે[3], તારીયે, આપ સુંરગ હો–સા૦(૧)

સા૦ સુમતિતણી જે સેવના, તે સાચો શિવને પંથ હો,
સા૦ પરિચય એહશ્યું જેહને, તે કહીયે નિર્ગ્રંથ હો–સા૦(૨)

સા૦ સુમતિ પ્રસંગે જે રહે, તે લહે આનંદ પૂર હો,
સા૦ રહે સદા સહી તેહથી, કુમતિ કદાગ્રહ દૂર હો–સા૦(૩)

સા૦ જે જગે સુમતિ મતિ હોયે, લહે તે વંછિત કોડિ હો,
સા૦ સુરવર કિંનર નરવરા, સેવે છે કર જોડી હો–સા૦(૪)

સા૦ સેવે જે નિતુ સુમતિને, તસ વાધે અનુપમ નૂર હો,
સા૦ શુભમતિ સુરગતિ શિવગતિ, તસ હોયે સહજે પૂર હો–સા૦(૫)

સા૦ કીર્તિકમળા તે વરે, તે તરે ભવજળ પાર હો,
સા૦ સફળ વંછિત સફળા ફળે, જસ મળે સુમતિ વિચાર હો–સા૦(૬)

સા૦ ઈમ જાણી નિતુ સેવિયે, સુમતિ સુમતિ-દાતાર હો,
સા૦ **નયવિજય** પ્રભુ પ્રણમતાં, નિતનિત જયકાર હો–સા૦(૭)

૧. પરિચય ૨. પાપનો મેલ ૩. નાંખીએ ૪. સારી રીતે

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સાંભલિ સુમતિ જિનેશ ! અબ મોરા સાહિબિઆ
થાંરી[1] ઠકુરાઇ ત્રિભુવન તણી છે પ્રભુજી !
દાતાર—અબ૦ એહ વાત શ્રવણે સુણી....(૧)
આયો આજ હજૂરિ[2]-અબ૦ ભલી ભાંતિ ભગવંત ભણી
જયું જાણો જગદીશ અબ૦ વાંછા પૂરો મન તણી....(૨)
કરુંઅ કિસી[3] મનુહારિ—અબ૦, ચરણ ન છોડું તાહરા
ઈણ ભવિ એ ઈક તાર—અબ૦, એહ મનોરથ માહરા....(૩)
મહેર કરો મહારાજ—અબ૦, જો અપણાયત[4] જાણસ્યો
અધિકો આછો જેહ—અબ૦, પ્રભુ મન માંહે ન આણસ્યો....(૪)
જે ગિરુઆ ગુણહ ગંભીર—અબ૦, છેહ[5] ન દ્યઇંકો[6] કિણહીસું
**ઋષભ** કહૈં રંગ[7] રોલ—અબ૦, મહરબાંન હવૈ જિણહીસું....(૫)

૧. તમારે ૨. સેવામાં ૩. આગ્રહ ૪. આપણો પોતાનો ૫. વિયોગ ૬. આપે ૭. આનંદમંગળ

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

સુમતિકારી સુમતિ વારૂ, સુમતિ સેવો રે
કુમતિનું જે મૂલ કાપે, દેવ-દેવો રે—સુમતિ૦(૧)
ભવ જંજીરના બંધ દે ભાંગી, દેખતાં ખેવો રે
દર્શન તેહનું દેખવા મુહને, લાગી ટેવો રે—સુમતિ૦(૨)
કોડિ સુમંગલકારી, સુમંગલા-સુત એહવો રે
ઉદય-પ્રભુ એ મુજરો મ્હારો, માની લેવો રે—સુમતિ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(મુજરો લ્યોને જાલિમ જાટણી-એ દેશી)

સુમતિ-જિણેસર ! સાંભળ વિનતિ, રાખો આપ હજૂર[1]
સુગુણા સાહિબ ! શ્યું કહીયે ઘણું દુશ્મન કીજે દૂર
સુમતિ-જિણેશ્વર ! સાહિબ ! સાંભળો૦(૧)

પુણ્ય પસાયે હો પામીયે, સાહિબ ! તુમ સરીખાની સેવ
હવે ન છોડું તુમચા[2]પાઉલા[3], કાજ સર્યા વિણ દેવ–સુમતિ૦(૨)

આશ ધરીને અહ-નિશિ ઓલગું[4], આગળ ઊભો જોડી હાથ
તેહને નિપટ[5] જ નાકારો[6] કરો, ભલો નેહ જગનાથ –સુમતિ૦(૩)

જેહ પોતાનો કરી લેખવે, તેહશું મિલિયે હો ધાય[7]
તેહ સાજન હો શ્યા કામના ? કામ પડ્યે બદલાય –સુમતિ૦(૪)

જન-મનવંછિત-પૂરણ સુરમણિ, સમરથ તું જિનરાય
પંડિત શ્રી ગુરુ **ક્ષમાવિજય**તણો, **જિનવિજય** ગુણગાય –સુમતિ૦(૫)

૧. સેવામાં ૨. તમારા ૩. પગ ૪. સેવા કરું ૫. સ્પષ્ટ ૬. નિષેધ ૭. દોડીને

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(રાગ-રામકલી તથા સારંગ મલ્હાર-અંબર દેહ મોરારી)

તુમ્હ હો પર-ઉપગારી ! સુમતિ જિન ! તુમ્હ હો જગ-ઉપગારી !
પંચમ જિન પંચમ[૧]-ગતિ દાયક, પંચ-મહાવ્રત ધારી
પંચ પ્રમાદ મતંગજ[૨] ભેદન, પંચાનન[૩] અનુકારી–સુમતિ૦(૧)

પંચ-વિષય-વિષધર[૪]-તતિ[૫]-ખગપતિ,[૬] પંચ[૭]-શર મદન વિકારી
આશ્રવ પંચ તિમિર[૮]-ભર[૯]-દિનકર,[૧૦] કિરીયા પંચ નિવારી–સુમતિ૦(૨)

પંચાચાર સુ-કાનન-જલધર, પંચમાંહી અધિકારી
આગમ-પંચ અમૃત રસ વરસી, દુરિત-દાવાનલ ઠારી–સુમતિ૦(૩)

મેતારજ[૧૧] અપરાધી વિહંગમ, ચરણે રાખ્યો શિરધારી
પરષદમાંહે આપણ વખાણો, ક્રૌંચસ્વરા સુરનારી–સુમતિ૦(૪)

મેઘ-નૃપતિ કુળ મુકુટ નગીનો, મંગલા ઉર અવતારી
**ક્ષમાવિજય** બુધ શિષ્ય કહે **જિન**, ગર્ભથી સુમતિ વધારી–સુમતિ૦(૫)

---

૧. મોક્ષ ગતિ આપનાર ૨, હાથી ૩. સિંહ ૪. સર્પ ૫. સમૂહ ૬. ગરુડ ૭. પાંચ બાણવાળા કામને દૂર કરનાર, (બીજી ગાથાની બીજી લીટીનો અર્થ) ૮. અંધકાર ૯. સમૂહ ૧૦. સૂર્ય ૧૧. મેતારજ મુનિને થયેલ ઉપસર્ગમાં કારણરૂપ પક્ષી=ક્રૌંચને (ચોથી ગાથાની પ્રથમ લીટીનો અર્થ)

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (હું ભરી પાઉં રે પીઉં રે પ્યાલો-એ દેશી)

આજ સુમતિ-જિન સાહેબ ભેટ્યો,
કોઈ ભવ-ભવનો ભવ૦ દુખ મેટ્યો રે સલૂણો સાહિબો
બહુ ગુણ-પૂરો રે, મુજને અતિ પ્યારો
કુમતિ કદાગ્રહ મમતા ભાગી
કોઈ સુમતિ દશા સુમતિ હવે જાગી રે—સલૂણો૦....(૧)

સૂરતિ[૨] સાહિબની અતિ મીઠી,
કોઈ બહુ પુણ્યે, બહુ૦ આજ મેં દીઠી રે, સલૂણો૦
મનમોહન મુજ સ્વામી મળીઓ,
બહુ દિનનો, બહુ૦ અલજો[૩] ટળીયો રે—સલૂણો૦....(૨)

હવે પ્રભુ સાથે રહું મન મંડી,
કાંઈ આરાધું, આરાધું આળસ છંડી રે—સલૂણો૦
દિલભર[૪] તુજથી બે[૫]-દિલ ન થાઉં
બીજા શું કાંઈ, બીજા૦ ચિત્ત ન લાઉં રે—સલૂણો૦....(૩)

રાત-દિવસ તાહરા ગુણ ગાઉં,

કાંઈ લય લાઈ, લય૦ મનમાં ધ્યાઉં રે—સલૂણો૦

તાહરી મોજ સવાઈ પાઉં રે,

કાંઈ અંતરપટ[૬], અંતર૦ દૂરે ગમાઉં રે—સલૂણો૦....(૪)

તું સાહેબ! સમતારસ-રસિયો,

કાંઈ મુજ મનમાં, મુજ૦ વાસે વસીઓ રે—સલૂણો૦

**હંસરત્ન** કહે શિર નામી,

કોઈ તું જીવન, તું૦ તું અંતરજામી રે—સલૂણો૦....(૫)

---

૧. ઘણા ગુણથી ભરેલ ૨. આકૃતિ ૩. ઉત્કટ ઇચ્છા ૪. હૈયાના ઉમંગથી ૫. વિપરીત મનવાળો ૬. ભેદભાવ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (વારી હું ઉદયાપુર તણે-એ દેશી)

પ્રભુજીશું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર-સનેહી૦
સાચો તે સાહેબ સાંભરે, ખીણમાંહે કોટિક વાર-સનેહી૦
વારી હું સુમતિ—જિણંદને૦....(૧)

પ્રભુ થોડા....બોલો ને નિપુણ ઘણો, એ તો કાજ અનંત કરનાર—સનેહી૦
ઓળગ[૧] જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર—સનેહી ! વારી૦.....(૨)

પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સિંચ્યો સુકૃતમાલ—સનેહી૦
એકણ કરુણાની લેહેરમાં, સુ[૨]-નિવાજે કરે નિહાલ—સનેહી ! વારી૦.....(૩)

પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીન[3] રે પસાય—સનેહી૦
ઋતુ વિના કહો કિમ તરુવરે, ફલ પાકીને સુંદર થાય—સનેહી ! વારી૦.....(૪)

અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઈ બિહું હાથે ન જમાય—સનેહી૦
દાસતણી ઉતાવળે, પ્રભુ ! કિણ વિધ રીઝ્યો જાય ?—સનેહી ! વારી૦....(૫)

પ્રભુ લખિત[4] હોયે તો લાભીયે, મનમાન્યાને માહારાજ—સનેહી૦
ફળ તો સેવાથી સંપજે, વિણ ખણય[5] ન ભાજે ખાજ—સનેહી ! વારી૦.....(૬)

પ્રભુ વીસાર્યા નવિ વીસરો, સાહમું અધિક હોવે છે નેહ—સનેહી૦
મોહન કહે કવિ-રૂપનો, મુજ વ્હાલો છે જિનવર એહ—સનેહી ! વારી૦......(૭)

---

૧. સેવા ૨. સારી રીતે પ્રસન્ન થાય ૩. કર્યો ૪. ભાગ્યમાં બન્યું હોય ૫. ખણ્યા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (અરજ અરજ સુણોને રૂડા રોજિયાહોજી-એ દેશી)

સુમતિ સુમતિ સલૂણા[1] મહારા સાહિબાહોજી, જગજીવન જિનચંદ
ધન ધન માતા મંગલાહોજી, જિણે તું જાયો રે નંદ[2]—સુ૦(૧)

ગિરૂઆ ગિરૂઆઈ[3] પ્રભુ ! તાહરી હોજી, દીઠી જોતાં રે જોર,
તુમ ગુણ જે નવિ રંજિઆહોજી, તે માણસ નહીં પણ ઢોર-સુ૦(૨)

અમને અમને તુમારો આયજો[4] હોજી, જો પણ દાખો ન વેણ,
અધિકું અધિકું બોલી દાખવેહોજી, તે તો ઓછા રે સેણ[5]—સુ૦(૩)

દેખી દેખી તુમ મુખચંદ્રમાહોજી, જે સુખ પામે રે નેણ,
તે મન મન જાણે માહરૂંહોજી, પણ ન કહાયે રે વેણ—સુ૦(૪)

એકણ એકણ તુમ મેલાવડેહો[૬]જી, સરળ હુઓ અવતાર,
વિમલ-**વિમલવિજય** ઉવજ્ઝાયનોહોજી, **રામ** લહે જયકાર—સુ૦(૫)

---

૧. શ્રેષ્ઠ ૨. પુત્ર ૩. મોટાઈ ૪. ભરૂંસો ૫. નિશાની ૬. મળવાથી

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (ગરબો કેણેને કોરાવ્યો કે નંદજીના લાલ-એ દેશી)

પંચમ સુમતિ જિણેસર સ્વામી કે-સુણ જિનરાય રે૦
તુમથી નવ નિધિ-રિધિ મેં પામી કે-શિવ-સુખદાય રે૦
તું તો પાવન ધર્મ નગીનો[૧] કે-સુર ગુણ ગાય રે૦
અહનિશ સમતારસમાં ભીનો કે—શિવ૦....(૧)

મંગલા માવડીએ પ્રભુ જાયો કે—સુણ૦
છપન દિગકુમરી હુલરાયો કે—શિવ૦
તું તો મેઘ નૃપતિ કુળ હીરો કે—સુણ૦
હરિ સેવે નિત તુમ ધીરો કે—શિવ૦....(૨)

ત્રણસેં ધનુષની ઊંચી કાયા કે—શિવ૦
ચાલીશ લાખ પૂરવનું આયુ—નાગ રાય રે૦
તારી સેવ કરે સુરસ્વામી કે—શિવ૦
તું તો સુરસુંદરી સુખકામી કે—નિર્મલ કાય રે૦....(૩)

તું તો ભગતવછલ ભય ટાળે કે—શિવ૦
તું તો ત્રિભુવન અજુવાળે કે—જિમ[२] દિનરાય[२] રે૦
તું તો મુનિજનમાં નિશિ[૩] દીવો કે—શિવ૦
અવિચલ[૪] ધૂમંડલ[૫] ચિરંજીવો કે—જિમ ગિરિરાય રે૦....(૪)

પ્રભુજીની વાણી અમીરસ મીઠી કે—સુર૦
જિનજીની મોહન મૂરતિ દીઠે કે—અતિ સુખ થાય રે૦
શ્રીગુરુ સુમતિવિજય કવિરાયા કે—સુણો૦
સેવક **રામવિજય** ગુણ ગાયા કે—જયો જિનરાય રે૦....(૫)

---

૧. શ્રેષ્ઠ ૨. સૂર્ય ૩. અંધારી રીતે ૪. કાયમી ૫. ધ્રુવતારામંડળની જેમ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(પિઉડા જિનચરણાંરી સેવા, પ્યારિ મુને લાગે—એ દેશી)**

જીવડા ! (તુજ) તજ વિષયાંરી[૧] હેવા,[૨] હિયે[૩] ક્યું ન (કરી) જાગે ?
અકળ[૪] સરૂપ સુમતિ-જિન નિરખ્યો,
અવર શ્યું દિલ કિમ લાગે ? —જીવડા૦...(૧)
જનમ-મરણ દુખ કાંઈ વિસારી, પડિઓ દુર્ગતિ ઠાગે[૫]—જીવડા૦...(૨)
મોહ મહામદ ધારી સૂતો, શિ[૬] પરિ થાશ્યે આગે —જીવડા૦...(૩)
સકળ પદારથ છોડી એકાકી જાઈશ તું તન નાગે[૭]—જીવડા૦...(૪)

પ્રભુ ગુણ મુગતાફળ મનમોદે, ગુંથી ભગતિને ધાગે[૮]—જીવડા૦...(૫)
પ્રેમ પ્રકાશન પંચમ જિનની, **કાંતિ** સેવા નિત માગે—જીવડા૦...(૬)

૧. વિષયોની ૨. ટેવ ૩. ભક્ત કહે છે કે—આત્મન્ ! તું હૈયામાં કેમ જાણતો નથી ! (પ્રથમ ગાથાની બીજી લીટીનો અર્થ) ૪. ન સમજાય તેવું ૫. રસ્તે ૬. શી રીતે ૭. વસ્ત્ર રહિતપણે ૮. તાંતણે = દોરાથી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (કોઈ મોરલીવાળો બતાવે રે નાગર નંદના રે—એ દેશી)

કોઈ સુમતિ સુધારસ પાવે રે, આતમ-સોહનાં રે
ભવિ પડિબોહનાં રે, ભવિઆનંદનાં રે; શીતલચંદના રે-કો૦(૧)

પરમ-નિરંજન દર્શન પાવે. મુગતિ-વધૂ વર થાવે રે-આ૦
મેઘ-નૃપતિ-સુત અપ્સર ગાવે,
સુરપતિ મળિય વધાવે રે—આતમ૦(૨)

વિષય-કષાયે ક્લુષિત[૧] પર[૨]—સુર,
તેહશ્યું કિમ દિલ ભાવે રે ?—આતમ૦(૩)

અખય ખજાનો તાહરો જગમાં,
તું દીપે વડ દાવે રે—આતમ૦(૪)

**ન્યાયસાગર** પ્રભુ પદ[૩]-કજ-સેવા,
જ્યોતિશું જ્યોતિ મિલાવે રે—આતમ૦(૫)

૧. મિલન પરિણામવાળા ૨. બીજા દેવો ૩. ચરણ કમળ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (રાગ સારંગ-જીહોની દેશી)

જીહો ! સુમતિ-જિનેસર સેવતાં, જીહો ! સુમતિ વધે નિશદિશ
જીહો ! સુગુણાંકેરી સંગતિ, જીહો ! પસરે બહુત જગીસ
સુણો ભવિ સેવો સુમતિ જિણંદ૦....(૧)

જીહો ! જે ઘરઘરના પ્રાહુણા, જીહો ! ખિણમાંહે પલટાય
જીહો ! ઓછા અથિર સંભાવના, જીહો ! તિણશ્યું મિલે બલાય—સુણો૦..(૨)

જીહો ! વાતાંની મોટમ કરે, જીહો ! કામ પડ્યે કુમલાય
જીહો ! જે દેઉલના દેવતા, જીહો ! એહવા નાવે દાય—સુણો૦.....(૩)

જીહો ! મેં તારિજ અપરાધીઓ, જીહો ! ક્રૌંચ વિહંગની જાત
જીહો ! તે અપરાધને માંજવા, જીહો ! લંછનમિસિ વિખ્યાત—સુણો૦...(૪)

જીહો ! મેઘનૃપતિ માય મંગલા, જીહો ! સાયરપરિ ગંભીર
જીહો ! **ન્યાયસાગર** પ્રભુ સેવતા, જીહો ! હોવે સુખ શરીર—સુણો૦.....(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(અબ લીલા રંગાવો વરનાં મોળીયાં-એ દેશી)

સેવો સુમતિ-જિનેસર સાહિબો, પ્રભુ અભિનંદનથી એહ રે
નવ લાખ કોડી સાગર તણો, અંતર ગુણગણમણિ-ગેહ રે—સેવો૦(૧)

ચવ્યા શ્રાવણ સુદિ બીજને દિને, સૂચિત ચૌદ સુપને જેહ રે
વૈશાખ સુદિ આઠમે જનમીયા, ત્રણજ્ઞાન-સહિત વર દેહ રે—સેવો૦(૨)

ઊંચી કાયા ત્રણસે ધનુષની, સોવન વન્ન અતિ અવદાત રે
સુદિ વૈશાખ નવમીયેં વ્રત લીયેં, દેઈ દાન સંવછરી ખ્યાત રે—સેવો૦(૩)

ચૈત્ર સુદિ અગીઆરસ દિને, લહ્યું, પ્રભુજી પંચમનાણ રે
ચૈત્ર સુદિ નવમીયેં શિવ વર્યા, પૂર્વ લાખ ચ્યાલીશ આયુ જાણ રે—સેવો૦(૪)

એ તો જિનવર જગગુરુ મીઠડો, માહરા આતમચો આધાર રે
ભવ ભવ પ્રભુ શરણે રાખજ્યો, કહે **પદ્મવિજય** ધરી પ્યાર રે—સેવો૦(૫)

## કર્તા: શ્રી પદ્મવિજયજી મ.

(સાહેલડીની-દેશી)

પંચમ જગપતિ વંદિયે—સાહેલડીયાં, સુમતિ-જિનેસર દેવ-ગુણવેલડીયાં
સુમતિતણો દાયક પ્રભુ—સા૦ એહ સેવો નિતમેવ—ગુણ૦....(૧)

જેહને જનમ-મરણ નહિં-સા૦, આર્તધ્યાન નવિ હોય—ગુણ૦
દુર્ગતિ સનમુખ નવિ હોયે—સા૦, ભવદુખ સામું ન જોય—ગુણ૦.....(૨)

રોગ-શોગ નવિ એહને—સા ૦ નહિ એહને સંતાપ—ગુણ૦
એહની કરો ઉપાસના—સા ૦ જાયે જેહથી પાપ—ગુણ૦....(૩)

અષ્ટ કરમ-દળ છેદીને—સા ૦ પામ્યા અવિચલ રાજ્ય—ગુણ૦
રત્નત્રયી પ્રગટ કરી—સા ૦ સુખ વિલસે નિત પ્રાજ્ય—ગુણ૦.....(૪)

જિન-ઉત્તમ પદ-પદ્મને—સા ૦ સેવ્યે સુખ નિરધાર—ગુણ૦
જેહથી અક્ષયપદ લહે—સા૦ અવ્યાબાધ ઉદાર—ગુણ૦....(૫)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (મોતીડાની દેશી)

સુમતિજિણેસર ! પ્રભુ ! પરમાતમ, તું પરમાતમ ! તું શુદ્ધાતમ
સાહેબા ! વિનતિ અવધારો, મોહના ! પ્રભુ પાર ઉતારો.....(૧)

તુમે જ્ઞાનાદિક ગુણના દરિયા,
અનંત અક્ષય નિજ ભાવમાં ભરિયા—સાહિબા૦.(૨)

તુમે શબ્દાદિક ગુણ નિઃસંગી,
અમ્હે સ્વપ્ને પિણ તેહના સંગી—સાહિબા૦.(૩)

તુમે ઉત્તમ ગુણઠાણે ચઢીયા,
અમ્હે કોહાદિ કષાયેં નડિયા—સાહિબા૦.(૪)

અમ મતિ ઇંદ્રિય વિષયે રાચી,
તુમે અનુભવ—રસમાં રહ્યા માચી—સાહિબા૦.(૫)

અમે મદમાતંગને[૧] વશ પડિયા,
નવિ તુમે તે તલમાત્ર આભડિયા—સાહિબા૦.(૬)

તુમે જગશરણ વિનીત સુજાણ,
તુમે જગ-ગગનવિકાસન-ભાણ[૨]—સાહિબા૦.(૭)

તુમે અકલંક અબીહ અકોહી,
તુમે જડસંગી ન રાગી મોહી—સાહિબા૦.(૮)

અતીંદ્રિય સ્યાદ્વાદ વાગીશ,

સહજાનંત ગુણપજ્જવ ઈશ—સાહિબા૦.(૯)

અલખ અગોચર જિન જગદીશ,

અશરણ-નાથ નાયક અનીશ[૩]—સાહિબા૦.(૧૦)

તે માટે તુમ ચરણે વિલગ્યા,

એક પલક નહિ રહિશ્યું અલગા—સાહિબા૦.(૧૧)

**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** ગુણ વાધે,

જિન સેવે તે જન સાધ્યતા સાધે—સાહિબા૦.(૧૨)

---

૧. અભિમાનરૂપ હાથી ૨. સૂર્ય

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

સુમતિ જિણેસર સેવીયે હો લાલ, સુમતિ-તણો દાતાર સા૦
બહુ-દિનનો ઉમાહલો[૧] હો લાલ, દરિસણ આપો સાર
—સાહેબજી—સુમતિ૦(૧)

મેઘરાય કુલ-ચંદલો હો લાલ, મંગલા માત મલ્હાર સા૦
ભવ-ભયથી હું ઊભગ્યો હો લાલ તું મુજ શરણું સાર[૨]
—સાહેબજી—સુમતિ૦(૨)

પાયે ક્રૌંચ સેવે સદા હો લાલ, તુંબરૂ સારે સેવ સા૦
મહાકાલી સુરિ સદા હો લાલ, વિઘ્ન ટાલે નિત્યમેવ સા૦
—સાહેબજી—સુમતિ૦(૩)

નયરી કોશલાએ[૩] અવતર્યો હો લાલ, તવ વરત્યો જયજયકાર—સાહેબજી
ઘરે-ઘરે હરખ-વધામણાં હો લાલ, ધવલ-મંગલ દે નાર
—સાહેબજી—સુમતિ૦(૪)

અનંત ગુણ છે તાહરા હો લાલ, કહેતાં નાવે પાર સા૦
દિન-દિન તુમ્હ સેવા થકી હો લાલ, ઋદ્ધિ **કીર્ત્તિ** અનંતી સાર
—સાહેબજી—સુમતિ૦(૫)

૧. ઉત્સુકતા ૨. શ્રેષ્ઠ ૩. અયોધ્યા

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

સુમતિ જિનેશ્વર મૂરત સુંદર, સુમતિ પસાયે દીઠી રે
અણીયાળી આંખલડી જિનની, મનમાં લાગી મીઠી રે.સુમતિ૦(૧)

આશ વિલૂધાં બોધા માણસ, તારકની પરે તારે રે
આંખ તણે લટકે મુખ મટકે, નિરખે સેવક જયારે રે.સુમતિ૦(૨)

આસક[૧] એક દીદાર[૨] કરારી,[૩] પ્રસન્ન હોવે મોટા રે
અલવી અવરની સેવા કરતાં, શું આપે ચિત્ત ખોટા રે.સુમતિ૦(૩)

જો પણ મનમાં સેવક સઘળા, ગણતી માંહે ગણશે રે
મન મારે તોહી આશા પૂરણ, વાતો, આહિંજ બનશે રે.સુમતિ૦(૪)

ભક્તિતણે વશ વિસવાવીસે, સેવા કરવા એહની રે
વિમલ મને **દાન** વંછિત દેશે, નહિ પરવા તો કેહની રે.સુમતિ૦(૫)

૧. ઉત્કટ ઇચ્છા ૨. ચહેરો જોવાની ૩. અત્યંત ઉગ્ર

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(ઈડર આંબા આંબલી રે-એ દેશી)

સુમતિજિણેસર સાહિબો રે, સુમતિ તણો દાતાર
સેવંતાં સંપદ મિલે રે, કુમતિ તણો પરિહાર.-જિણંદરાય
માહરે તુમશું નેહ, જિમ બપીયડા[1] મેહ-જિણંદ ૦
આવો મુજમન ગેહ—જિણંદ૦....(૧)

ત્રિગડે બેઠા સોહીયે રે, ઉદયાચળ જિમ ભાણ
દુરિતતિમિર દૂરે હરે રે, અનુપમ કેવળનાણ-જિણંદ૦....(૨)

રતનસિંહાસણ બેસણે રે, છત્ર-ત્રય શિર સાર;
ચંદકિરણ પરે ઊજળા રે, ચમર ઢળે જયકાર-જિણંદ૦....(૩)

વાણી જોજન ગામિની રે, સરસ સુધારસ સાર
દેવધ્વનિ તિહાં દીપતો રે, ભવિજન મન સુખકાર-જિણંદ૦....(૪)

અશોકવૃક્ષ સુરતરૂસમો રે, નવપલ્લવ શીતળ છાંહ
દેવદુંદુભિ ગયણંગણે રે, ગાજે પ્રભુ સુપસાય—જિણંદ૦....(૫)

ફૂલપગર પરિમલ ભરે રે, મહકે દશ દિશિ સાર,
પંડિત **મેરુવિજય** તણો રે, **વિનીત** વિજય જયકાર-જિણંદ૦....(૬)

---

૧. ચાતક

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-જેજેવંતી)

તું હી એક પ્યારો પ્રાન, તિહારોહી જ્ઞાન,-ધ્યાન
સબ ગુનકો નિધાન, તેરોહી શરન હૈ—તું૦(૧)

તુમ હો અનાથ-નાથ, મોક્ષકો ચલાવે સાથ
જિને સુખ કીનો હાથ, સુખકો કરન હૈ—તું૦(૨)

તું મેરો આતમરામ, નામ તેરો આઠો જામ
કરું હું તો ગુણગ્રામ, દુખકો હરન હૈ—તું૦(૩)

સુમતિ સુમતિ તેરે, દરસ પરસ કેરે
કહેત **અમૃત** મેરે જીઉકો ઠરન હૈ—તું૦(૪)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(મહારી સહીરે સમાણી—એ દેશી)

સુમતિ[૧] જિનેશ્વર સેવા સારી, સુરનર લાગે પ્યારી રે; જિન મોહનગારો
મૂરતિ જિસકી મોહનગારી, સુરતિ શિવ સુખકારી રે-જિ૦.૧

કુશલકારી કૌશલનગરી[૨], દૂર કર્યા સબ વયરી રે;જિ૦
શીલવતી જશ મંગલા[૩] માતા મેઘ[૪] નરેસર તાતા રે-જિ૦.૨

ક્રૌંચ લંછન[૫] કરે ચરણની સેવા, સેવે તુંબરૂ[૬] દેવા રે;જિ૦
મહાકાળી[૭] મનવંછિત પૂરે, શાસન સંકટ ચૂરે રે-જિ૦.૩

જીવિત[૮] ચ્યાલીશ લાખ પૂરવનું, ત્રિણસે ધનુ તનુ[૯] માન રે; જિ૦
મુનિ[૧૦] ત્રણ લાખ ને વીશ હજાર, એક શત જસ[૧૧] ગણ - ધાર રે - જિ૦.૪

અજ્જા[૧૨] પંચ લખ ત્રીસ હજાર, પામી ભવજલ પારે રે;જિ૦
ફિરફિર વદન પ્રભુકો નિરખે પ્રમોદસાગર મન હરખે રે-જિ૦.૫

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(કબકો દેવર અર્જ કરે છે-એ દેશી)

શ્રી સુમતિ જિણેસર અતિ અલવેસર,
મનમોહન વડભાગીજી-જયજિન સોભાગીજી;
તુજ સુરતિ સુંદર સુગુણ-પુરંદર,
ત્રિભુવન તુમ ગુણ રાગીજી; મુજ સુદશા જાગીજી....।।૧।।

જય પંચમ જિનવર નિરૂપમ સુખકર,
મૂરતિ મોહનગારીજી-સર્વ ભવિજન પ્યારીજી;
તુમ રૂપ અનોપમ નવિ કોઈને સમ,
મદનાદિક ગયા હારીજી-જેહ રૂપમદધારીજી....।।૨।।

સુરપતિના થોક મળી ત્રિહું લોક,
સર્વે પ્રભુ રૂપ બનાવેજી-નિજશક્તિ સભાવેજી;
જે જગમેં પુગ્ગલ રૂપ [1]સમગ્ગલ,
તે સવિ [2]પરિઘળ લાવેજી-આદર અતિ ભાવેજી....।।૩।।

અંગુષ્ટ પ્રમાણ અનેક વિન્નાણ,
રચી મૂળ સમોવડી જોડેજી-પણ નવિ હોય હોડે જી;
ગિરિ-સરિસવ અંતર રૂપ પટંતર,
દેખી નિજ મદ છોડેજી-થુણે જિન મન કોડેજી....।।૪।।

એહવું પ્રભુ રૂપ શમામૃત–કૂપ,
સદા ભવિને સુખકારીજી, નહીં કદાપિ વિકારીજી;
**વાઘજીમુનિ** ચંદ્ર, શિષ્ય કહે **ભાણચંદ્ર**,
જિનેન્દ્ર સદા જયકારીજી, એહ રુચિ મન ધારીજી....।।૫।।

---

૧. શ્રેષ્ઠ ૨. ભેગા કરવા

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(ગરબો કોણેને કોરાવ્યો કે, નંદનજીના લાલ રે-એ દેશી)

સુમતિજિણેસર સાહિબ સેવો કે—ભવિ ચિત્ત લાય રે
એ તો ટાળે કુમતિ કુટેવો કે—કરી સુપસાય રે
સુર નર દેવોનો એ દેવો કે—ભવિ૦
સહજે આપે સમકિત મેવો કે, કરી સુપસાય રે૦...॥૧॥

ઈણ દુક્કર પંચમ આરે કે—ભવિ૦
એહને નામ તણે આધારે કે—કરી૦
જે નર ભાવથકી સંભારે કે—ભવિ૦
તેહના ભવભય દૂર નિવારે કે—કરી૦...॥૨॥

સોહે હીરો જેહવો જાચો કે—ભવિ૦
એ તો જિનજી તિણિપરે સાચો કે—કરી૦
હોવે જેહની મિથ્યા વાચો કે—ભવિ૦
તેહને સેવે જે હોય કાચો કે—કરી૦...॥૩॥

ગુણ વિણ રાચે ઉંચે ઠામે કે—ભવિ૦
તે નહીં ગુણવંતનું પદ પામે કે—કરી૦
[૧]વાયસ શિખરે જઈને બેસે કે—ભવિ૦
ઉપમ ગરુડતણી કિમ લેશે કે—કરી૦...॥૪॥

તરતમ જોગે સગવડ નાવે કે—ભવિ૦
જે વિષયાદિક તાપ શમાવે કે—કરી૦
તેણે જગનાયક કહેવાય કે—ભવિ૦
**ખુશાલમુનિ** હરખિત થાય કે—કરી૦...॥૫॥

૧. કાગડો

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (દેશી-ગરબીની)

હાંરે ! વાલ્હો ! સુમતિજિણંદ જુહારી રે, વારીજાઉં ભામણે[1] રે લો ।
હાંરે ! પ્રભુ ! સુરતરૂ ફળિયો માહરે રે, ગુણનિધિ આંગણે રે લો૦..॥૧॥

હાંરે ! મેં તો દેવનો દેવ નિહાળી રે, જીવન જગધણી રે લો ।
હાંરે ! પ્રભુ તેજે ઝળામલ દીપે રે, [2]ઓપી જેમ ઓપણી રે લો ૦..॥૨॥

હાંરે ! વાહલા ! નયણ રહ્યો લોભાઈ રે, મોહ્યું મુજ મનડું રે લો ।
હાંરે ! પ્રભુ ! વાણી સરસ રસ પીધે રે, ભાંજે ભવ ભૂખડી રે લો ૦..॥૩॥

હાંરે ! પ્રભુ જીવન જગદાધાર રે, વાહલા છો પતિરે લો ।
હાંરે ! પ્રભુ મહોદય પદવી આપો રે, કાપો દુર્ગતિ રે લો ૦..॥૪॥

હાંરે ! પ્રભુ નફર કરે અરદાસ રે, આશ તે પૂરીયે રે લો ।
હાંરે ! વાલ્હા રસભર રસિયો કહાવે રે, **ચતુર** દુઃખ ચૂરીયે રે લો૦..॥૫॥

૧. ઓવરણાં ૨. ચકચકાટ કરેલ

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (કડખાની દેશી)

અહો શ્રી સુમતિજિન શુદ્ધતા તાહરી,
સ્વ-ગુણ-પર્યાય-પરિણામ રામી।
નિત્યતા એકતા અસ્તિતા ઇતરયુત,
ભોગ્ય-ભોગી થકો પ્રભુ અ-કામી-અહો૦॥૧॥
ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે,
ગુણ-પ્રમુખ બહુલતા તહવી પિંડી।
આત્મ-ભાવે રહે અ-પરતા નવિ ગ્રહે,
લોક-પરદેશ મિત પિણ અ-ખંડી-અહો૦॥૨॥
કાર્ય-કારણપણે પરિણમે તહવિ ધ્રુવ,
કાર્ય ભેદે કરે પિણ અ-ભેદી।
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલવેત્તા થકો પિણ અ-ભેદી-અહો૦॥૩॥
શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,
સહજ નિજ-ભાવ ભોગી અ-યોગી
સ્વ-પર-ઉપયોગી તાદાત્મ્ય-સત્તારસી,
શક્તિ પરજુંજતો[૧] ન પ્રયોગી-અહો૦॥૪॥
વસ્તુ નિજ-પરિણતે સર્વે પારિણામિકી,
એતલે કોઈ પ્રભુતા ન પામે
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,
તત્ત્વ સ્વામીત્વ શુચિ-તત્ત્વ ધામે-અહો૦॥૫॥

જીવ નવિ પુગ્ગલી નેવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નહીં તાસ રંગી।
પર તણો ઈશ નહીં અ-પર ઐશ્વર્યતા,
વસ્તુ-ધર્મે કદા ન પર-સંગી-અહો૦॥૬॥

સંગ્રહે નહીં આપે નહીં પર-ભણી,
નવિ કરે આદરે ન પર રાખે।
શુદ્ધ સ્યાદ્વાદ નિજભાવ-ભોગી જિકે,
તેહ પરભાવને કેમ ચાખે?-અહો૦॥૭॥

તાહરી શુદ્ધતા - ભાસ - આશ્ચર્યથી,
ઉપજે રુચિ તેણે તત્ત્વ [2]ઇહે।
તત્ત્વરંગી થયો દોષથી ઉભગો,
દોષ ત્યાગી ટળે તત્ત્વ લીહે.-અહો૦॥૮॥

શુદ્ધ-માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિ-છંદ સત્તા આરાધે।
આત્મ-નિષ્પત્તિ તિમ સાધના નવિ ટિકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ-સમાધે.-અહો૦॥૯॥

માહરી શુદ્ધ-સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો।
**દેવચંદ્રે** સ્તવ્યો મુનિ-ગણે અનુભવ્યો,
તત્ત્વ-ભક્તે ભવિક સકળ રાચો.-અહો૦॥૧૦॥

---

૧. વાપરતો ૨. ઇચ્છે ૩. તત્ત્વની રુચિથી

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

(જગજીવન જગ વાલ હો-એ દેશી)

પૂરણ પુણ્યે પામીએ, સુમતિ જિણંદ[1] સિરદાર-લાલ રે ।
ચિંતામણિ સમ ચાહના, જિનની જગદાધાર-લાલ રે-પૂરણ૦।।૧।।

ભૂખ્યાને કોઈ ભાવશું, ઘેબર દે ઘરે આણી-લાલ રે ।
તરસ્યાં તોયને [2]તાકતાં, ઊમટે અમૃત ખાણી-લાલ રે-પૂરણ૦।।૨।।

શૂર સૂરજને દેખતો, અધિક ધરે ઉછરંગ-લાલ રે ।
તિમ જિન જગત્રય-તારકો, મોટો એ મહારે [3]ચંગ-લાલ રે-પૂરણ૦।।૩।।

ઓલગી તુજ અલવેસરૂ, બીજા કુણ ગ્રહે બાંહ્ય-લાલ રે ।
સંગતિ સુરતરૂ છોડીને, કિમ બેસું ? બાવલ છાંય ? લાલ રે-પૂરણ૦।।૪।।

ગુણ દેખીને ગહગહ્યો, પામ્યો હું પરમ-ઉલ્લાસ-લાલ રે ।
**જીવવિજય સુપસાયથી, જીવણ જિન તણો દાસ-લાલ રે-પૂરણ૦।।પ।।**

---

૧. શ્રેષ્ઠ ૨. જોતાં ૩. સુંદર

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું-એ દેશી)

સુમતિ-જિનેસર ! જગ-પરમેસર, હું [1]ખિજમત-કારક તુજ કિંકર ।
સાહિબા ! મુજ દરશન દીજે, જીવના ! [2]મન-મહેર કરીજે, સા૦
રાત-દિવસ લીનો તુમ ધ્યાને, દિન [3]અતિવાહુ પ્રભુ-ગુણગાને-સા૦..॥૧॥

જગત-હિતકર અંતરજામી, પ્રાણ થકી અધિકો મુજ સ્વામી ।
[4]પ્રાણ ! ભમ્યો બહુ ભવ-ભવ માંહી, પ્રભુ સેવા ઈણ-ભવ વિણ નાહી-સા૦..॥૨॥
ઈણ-ભવમાં પણ આજ તું દીઠો, તિણ કારણ તું પ્રાણથી મીઠો ।
પ્રાણ થકી જે અધિકો પ્યારો, તે ઉપર સહુ તન-ધન ઓવરો-સા૦..॥૩॥

અજ્ઞાની અજ્ઞાની-સંઘાતે, એહવી પ્રીત કરે છે [5]ઘાતે ।
દેખો દીપક-કાજ પતંગ, પ્રાણ તજે હોમી નિજ ગાતે-સા૦..॥૪॥

જ્ઞાન-સહિત પ્રભુ જ્ઞાની-સાથે, તેહવી પ્રીત ચડે જો હાથે ।
તો પૂરણ થાયે મન આશ, **દાનવિજય** કરે એ અરદાસ-સા૦..॥૫॥

---

૧. સેવા કરનારો ૨. અંતરની દયા ૩. વિતાવું છું ૪. હે મારા પ્રાણતુલ્ય સ્વામી ! ૫. જોરથી અગર રૂઢિ મુજબ અણસમજથી

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (કુંથુ જિનેશ્વર જાણજો રે લોલ-એ દેશી)

સુમતિ-જિનેશ્વર સાહિબો હો ! લાલ, સમરું હું નિશદિશ રે-જિણંદરાય।
ચકવો જિમ રવિ-બિંબને હો લાલ, સેવક પ્રભુ બગસિસ રે-જિ૦સુ૦॥૧॥

તુજ જસ-રસ-રસિયા જિ કે હો લાલ, [૧]તિસીયા દરીસણ-કાજ રે-જિ૦।
ઉલ્લસ્યા તુજ ગુણ-ગીત-શું હો ? લાલ, તે વસીયા શિવરાજ રે-જિ૦સુ૦ ॥૨॥

ગયણં-ગણ તારા પરે હો લાલ, તુમ ગુણ-ગણણ અ-સંખ રે-જિ૦ ।
લોકાલોક ન લંઘીએ હો લાલ, જો હોય પરગલ પાંખ રે-જિ૦સુ૦॥૩॥

તો પણ તુમ ગુણ-બોલથી હો ! લાલ, પાવન કીજે જીહ રે-જિ ૦।
દરિસણ કીજે દેવનું હો લાલ, ધન ધન તે મુજ દીહ રે-જિ ૦ સુ૦॥૪॥

પતિત-પાવન તુંહી જ પ્રભુ ! હો લાલ, મેં દીઠો મહારાજ રે-જિ ૦।
**મેઘવિજય** જયવંતની હો ! લાલ, લોક વધારે લાજ રે-જિ૦સુ૦॥૫॥

---

૧. ઉત્કંઠાવાળા ૨.પ્રબળ વિશાળ

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(શ્રી ચંદ્રપ્રભ જિન સાહિબા રે-એ દેશી)

સુમતિ-જિનેસર સાહિબા રે, તું મન વસીયો આય-મનના માન્યા ।
જિમ ચાતક-મન મેહલો રે, કમલિની-મન રવિરાય-મનના૦
મન મોહ્યું રે જિણંદ ! મન મોહ્યું, મન મોહન તું મહીમાંહી ॥૧॥

જિમ મન ઉલ્લસે માહરૂં રે, તેમ ઉલ્લસે તુજ હેજ-મન૦ ।
તો વાંછિત સઘલાં ફલેરે, જાણીજે તુમ તેજ-મન૦ ॥૨॥

મુજ મન-મંદિર તું વસે રે, જાણે જગત-સ્વભાવ-મન૦ ।
કિશું ય કહાવે મો ભણી રે, મુજ-હૈડાના ભાવ-મન૦ ॥૩॥

હિતકર સુમતિ-જિણંદજી રે, કીજે સવિ સુખ-સંગ-મન ૦ ।
સોવન વાન સદા જયો રે, કેશર-અરચિત અંગ-મન૦..॥૪॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (દેશી હલૂરની)

પ્રભુ સુમતિ-જિનંદાજી, મુખ પુનિમ ચંદાજી ।
લોચન અરવિંદાજી, સાહિબ મુખ ચંદાજી...॥૧॥

મન-મોહનગારાજી, આતમ આધારાજી ।
બલિહારી કરી જઈ જી, તન-મન વારી જઈજી...॥૨॥

વિનતિ અવધારોજી, નવિ અવર વિચારોજી ।
મિલિઇ [1]વિણ ભેદઈજી, સેવું એણી ઉમેદજી...॥૩॥

[2]ચિતિ કરુણા આણીજી, નિજ સેવક જાણીજી ।
કરો એ સુપસાયજી, ગિરુઆ જિનરાયાજી...॥૪॥

મહીમાં હઈ જે મોટાજી, તે નવિ હુઇ ખોટાજી ।
કીધી સેવા જાણઈજી, બહુ હઠ નવિ જાણઈજી...॥૫॥

હુઈ પર-ઉપગારીજી, સેવક સુખકારીજી ।
ઈમ જાણી ભગતિંજી, સેવા કરિઇ જુગતિંજી...॥૬॥

સાહિબ અંતરજામીજી, કહઇ **કનક** શિર નામીજી ।
મહિમા મત વાલાજી, કરો મહિર મયાલાજી...॥૭॥

---

૧. ભેદ-આંતરાવિના, ૨. મનમાં

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(મેસ મગરાથી ઊતરી-એ દેશી)

પ્રભુ ! સુણજ્યો રે, સુમતિ સુમતિદાઇ સદા,
સુણજ્યો રે, સેવકની [1]અરદાસ કિ
મુજરો રે મ્હારો માનજ્યો,
પ્રભુ ! સુણજ્યો રે, દાસ નિરાશ ન મુકીએ;
પ્રભુ ! પૂરોરે માહરી અવિચલ આશ કિ.-મુજરો૦...॥૧॥

પ્રભુ ! જે સુર-નર મુનિ-રાજીયા, ગુણવંતા રે,
સેવે પ્રભુના પાયકિ-મુજરો૦।
તો નિગુણો હું તાહરે, પ્રભુ હીયડે રે,
કહો કિમ આવું [2]દાય કિ-મુજરો૦ પ્રભુ૦...॥૨॥

પ્રભુ ! તોહે પણ છોડું નહિ, [3]ગહી ગાઢિ[4] રે,
મ્હેં પ્રભુજીની બાંહ કિ, મુજરો૦।
જિમ જાણો તિમ નિરવહો, સેવકનેં રે,
આણી પ્રભુ મનમાંહી કિ-મુજરો૦ પ્રભુ૦...॥૩॥

પ્રભુ૦ તુમ્હ સંગતિ સમકિત લહ્યું, બહુ હીયડેં રે,
નિશ-દિન પ્રભુજીનું ધ્યાન કિ-મુજરો૦।
જિમ પામે રે, ચંદન સુરભિ સુગંધથી,
વનરાઇ રે, સહુ-એ ચંદ સમાન કિ-મુજરો૦ પ્રભુ૦...॥૪॥

પ્રભુજી૦ રૂચિર પ્રભુજી ! ચિત્ત ચાહશું, પુણ્યે પાયો રે,

ગુણ-મણિ-દરિયો સ્વામિ કિ-મુજરો૦
તન-ધન જીવન માહરો તુમ નામે રે,
પામું બહુ વિસરામ કિ-મુજરો૦ પ્રભુ૦...॥૫॥

૧. વિનતિ ૨. મનરૂપ ૩. પકડી ૪. મજબૂત

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (ઇડર આંબા આંબલી રે-એ દેશી)

મેઘ-રાયા કુલ ચંદલો રે-લાલા, મંગલા માત મલ્હાર ।
પ્રભુ તીર્થંકર પાંચમો રે લાલા, કરે જગત-ઉપગાર-
મ્હારે મન માન્યો- સુમતિજિન-નાહ, દેખાડે ધર્મરાહ,
ઓલવે[1] અંતરદાહ, -આજ આંગણીએ ઉત્સાહ-મ્હારે૦....॥૧॥

મુજ પુણ્ય [2] ઉજલ પક્ષમાં રે-લાલા, [3] ચટકી ચાંદરણી [4] જોર ।
દેખી જિન-મુખ-ચંદલો રે-લાલા, નાચે ચિત્ત ચકોર-મ્હારે૦....॥૨॥

કુણ હીરા ! કુણ કાંકરા રે ! લાલા, જુદા ન જાણતો જેહ ।
હવે સમઝણ મુઝને થઈને રે-લાલા, નાથશ્યું લાગો નેહ-મ્હારે૦....॥૩॥
નિર્ગંધ [5]આઉલ-ફૂલડાં રે-લાલા, સૂંઘે ન [6]જૂઈ-ભૃંગ ।
તિમ ગુણ-હીણાશ્યું હવે રે લાલા, મ્હારો ન બેસે રંગ-મ્હારે૦....॥૪॥
સાચે મન સેવ્યા થકું રે લાલા, જે પ્રભુ પૂરે આશ ।
**શ્રીભાવપ્રભસૂરિ** કહે રે-લાલા, તેહશ્યું પ્રેમ-પ્રકાશ-મ્હારે૦....॥૫॥

૧..બૂઝવે ૨. ચઢતી કલાએ છે ૩. ફેલાઈ છે ૪. વધુ ૫. આવલનાં ફૂલ ૬. જૂઈ નામના સુગંધી ફૂલના ભમરા

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(મોહનગારા હો ! રાજ ! રૂડા-મારા સાંભળ ! સુગુણા ! સૂડા)

સુમતિ-જિનેશ્વર સાહિબોજી, સુમતિ-તણો દાતાર ।
ચઉ-ગતિ-મારગ ચૂરતોજી, ગુણ-મણિનો ભંડાર કે-
-જિનપતિ જુગતે લાલ, વંદીજે ! !ગુણ-ખાણી ॥૧॥
સહજાનંદી સાહિબોજી, પરમ-પુરુષ ગુણધામ ।
અક્ષય-સુખની સંપદાજી, પ્રગટે જેહને નામ કે-જિન૦॥૨॥
નાથ નિરંજન જગ-ધણીજી, નિરાગી ભગવાન ।
જગ-બંધવ જગ-વત્સલુજી, કીજે નિરંતર ધ્યાન કે-જિન૦॥૩॥
ધ્યાન-ભુવનમાં ધ્યાવતાંજી, હોવે આતમ શુદ્ધ ।
સાધે સંવર-નિર્જરાજી, અ-વિરતિનો કરી રોધ કે-જિન૦॥૪॥
જ્ઞાનાદિ-ગુણ સંપદાજી, પ્રગટે ઝાકઝમાલ ।
ચિદાનંદ-સુખ-રમણતાજી, પામે ગુણ-મણિ-માલ કે-જિન૦॥૫॥
પંચમ-જિન-સેવા થકીજી, પાપ-પંક ક્ષય થાય ।
દ્રવ્ય-ભાવ ભેદે કરીજી, કારજ સઘલો થાય કે-જિન૦॥૬॥
મંગલા-સુત મનોહરૂજી, કુલમાં તિલક સમાન ।
પંડિત ઉત્તમવિજય તણોજી, **રતન** ધરે તુમ ધ્યાન કે-જિન૦॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ-લાજવા જિંબુ બોયડી રે, કહેને લેઈ ગયા ચોર-વાલ્હા—એ દેશી)

સુમતિ-જિનેસર સેવઇ રે, સુમતિ તણો દાતાર-મુજરો માનો રે !
મિહિર જ કરી, અંતર જામી આપણો રે-આતમા આધાર-મુજરો૦।।૧।।
મેઘરાયા સુત સુંદરૂ રે, મંગલા માત મલ્હાર-મુજરો૦
મંગલ-વેલ વધારવા રે, ઉદયો નવ જલધાર-મુજરો૦।।૨।।
રૂપ અનોપમ રાયનું રે-કંચનને [૧]અણુહાર-મુજરો૦
સોવનવાન સોહામણો રે, ઇક્ષ્વાગ વંશ ઉદાર-મુજરો૦।।૩।।
દાન સંવચ્છરી દેઈને રે, લીધો સંજમ ભાર-મુજરો૦
અષ્ટ કર્મ-અરિ જીતીને રે, પોહતા મુગતિ મોઝાર-મુજરો૦।।૪।।
પૂરવ લાખ બ્યાલીસનું, જીવિત જેહનું સાર-મુજરો૦
**માણેકમુનિ** મન રંગશું રે, ચાહે સુમતિ-[૨] દીદાર-મુજરો૦।।૫।।

૧. જેવું ૨. દર્શન

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

(રૂડી ને રઢીયાળી રે વાલા તારી વાંસળી રે-એ દેશી)

સુગુણ સોભાગી રે સુમતિ-જિણેસરૂ રે,
સોહે પ્રભુ ! તિન ભુવનનો નાથ ! સમરથ જાચો શિવપુર સાથ,
પ્રભુ ! અલબેલો રે શરણાગત સહી રે-સુગુણ૦।।૧।।

મુનિ સુદર્શન જયંત વિમાન, દેવ ભવ તજી ચવીયો અચાંન-
-જગ જયકારી રે અયોજઝાયે ઉપનો રે-સુગુણ૦।।૨।।

મઘા સુ-નક્ષત્રે જન્મ્યો અરિહંત, મૃગપતિ રાશિ અતિ બલવંત।
મૂષકની જોનિ રે રાક્ષસ ગણ ભલો રે-સુગુણ૦॥૩॥
સંજમ વિનીતા વરી જગદીશ, ઉગ્ર વિહારી થયા વરસ વીશ।
પ્રિયંગુ તરુ હેઠે રે નાણ પંચમ લહ્યું રે-સુગુણ૦॥૪॥
દશ શત સંજમીશ્યું ભગવંત, છેલ છબીલે કરી ભવ-અંત।
શિવ-વધૂ સંગે રે, અભંગ ક્રીડા કરે રે-સુગુણ૦॥૫॥
કરૂણા-સાગર ગરીબ-નિવાજ, આપ-સમા કરે દેઈ શિવ-રાજ।
કહે **દીપ** સેવો રે સુમતિ સુહંકરૂ રે-સુગુણ૦॥૬॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

અભિનંદણ-સુમતિ જિણ અંતરઉ કોડિ લખ સાયર તવ હૂઅઉય (૧)
સિંહરાશીએ (૨) મઘા (૩) ચવિઅ જયંતથી (૪)
ગણહર ઇગ સય સંજઅઉય (૫)
કોશલા નયરિએ (૬) મેઘ (૭) ધરિ મંગલા (૮)
કૌંચ લંછન પ્રભુ જનમિઅઉય (૯)
તિગ સય ધણુ તણુ (૧૦) [૧] અઉજ્જિઝવરણ ગુણ (૧૧)
તિહાંઇ કેવલ પામિય. ઉય (૧૨),
પામિયઉ સંજમ એકભત્તઇં (૧૩) ...મકરિ ભોજન લીયઇ (૧૪)
સાવિઆ લખ પંચ અહિઆ સોલ, સહસ સલાહિયઇ (૧૫)
લખ ચત્તા પૂરવ આઉ (૧૬) ચઈ પિઅંગુ તરુવર સોહઇ (૧૭)
સંમેત સિખરે મોક્ષ પામ્યાએ (૧૮)
હેમ રુચિ મન મોહઇ (૧૯) ॥૧॥

## "દુહા"

સાવય સહસ પકાસિઆ ઉપરિ દુગ લખ હોઇ (૨૦)
સાહૂણી લખ પાંચે કહી, સહસ તીસ વલિ જોઈ (૨૧) ॥૨॥
મુણિવર સહસા વીસ તહ તીનિ લાખ ગુણવંત (૨૨)
(૨૨) દેવી મહાકાલી ભલી (૨૩) તુંબર જક્ખ મહંત (૨૪) ॥૩॥

---

૧. કંચનવર્ણ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (શ્રી મોહના મોતી છો હમારા-એ દેશી)

અતુલ-બલ અરિહંત નમીજે, મન-તનુ-વચન-વિકાર વમીજે ।
શ્રી જિન કેરી આણ વહીજે, તો મન-વંછિત સહેજે લીજે,
સેવીએ ભવિ સુમતિ-જિણંદા, જે ટાલે ભવ-ફંદા-સેવીએ૦ ॥૧॥

અ-શુભાશ્રવનો સંગ ન કીજે, સમકિત શુદ્ધ સુધારસ પીજે ।
અ-ભય-સુપાત્ર દાન દોય દીજે,
નિજ-ગુરુની ભલી ભક્તિ વહીજે-સેવીએ૦॥૨॥

સુમતિ-જિણેસર સુમતિ જો આપે, જિન દરિશનથી દુર્ગતિ કાપે ।
નામ જપો અઠોતર-શત જાપે,
મોહ-તિમિર હરો તપ-રવિ-તાપ-સેવીએ૦॥૩॥

ત્રિકરણ-શુદ્ધ નવ-વિધ નિર્દૂષણ, એહી જ શીલ-સલીલ વિભૂષણ ।
સંશયથી નિત રહીએ લૂખા,
જબ લગે નભ અવગાહે પૂખા-સેવીએ૦॥૪॥

ધર્મનું કામ તે ભાવશું કીજે, ગુરુ-મુખ વચન વિનય કરી લીજે।
ભવ-સમુદ્ર તર્યો વાંછીજે, જડ ચેતન બિહું ભિન્ન લેખીજે-સેવીએ૦॥૫॥

પંચમ-ગતિ-ગામી પ્રભુ-પાયા, સવી કારજ સિધ્યા દિલ ભાયા।
સૌભાગ્યચંદ્ર ગુરુ સુપસાયા, **સ્વરૂપચંદ્રે** જિનના ગુણ ગાયા-સેવીએ૦॥૬॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

તુમ હો બહુ-ઉપગારી ! સુમતિ-જિન ! તુમ હો૦ ।
મેઘ-નૃપ-નંદન આનંદન, મંગલા-માત તુમારી-સુમતિ૦॥૧॥

પંચમ-જિન પંચમી-ગતિદાતા પંચ-મહાવ્રતધારી ।
પંચ-વિષય-વિકારરહિત જિન, પંચમ-નાણ-વિચારી-સુમતિ૦॥૨॥

પ્રભુ ! તુમ દરિસણ નિશ્ચય કીનો, સેવુ સેવા તુમારી ।
સુમતિ-સુવાસ વસી મન-ભીતર, ક્યા કરે કુમતિ બિચારી ?-સુમતિ૦॥૩॥

જ્યું ઘૃત દૂધ સુવાસ કુસુમમેં, પ્રીતિ બની એક-તારી ।
દિલ ભરી દેખી મેરે સાહિબકો, [2]વિસરે કોણ [3]અ-વિચારી ?-સુમતિ૦॥૪॥

સુરતરૂ-સુરમણિથી તુમ આણા, અધિક લગી મોહે પ્યારી ।
જિણથી દૂરે ગઈ ભવ-ભવકી, દુર્ગતિ-હમસે [4]અટારી-સુમતિ૦॥૫॥

તીન ભુવન મનમોહન સાહિબ, સેવે સુર-નરનારી ।
**જ્ઞાનવિમલ**-પ્રભુ-ચરણ શરણકી, જાઉં મૈં બલિહારી–સુમતિ૦॥૬॥

૧. સુગંધ ૨. ભૂલે ૩. વગર વિચાર્યે ૪. ખરાબ

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-ભૈરવ)

તેરી ગતિ તુંહી જાને, મેરે મન તુંહી હૈ ।
ઓર સર્વ ભર્મ ભાવ, મોહજાણ યુંહી હે-તેરી૦...।।૧।।

જ્ઞાનમેં બિચાર ઠાની, શુદ્ધ બુદ્ધિ ગહી હૈ ।
આપકી પ્રસાદ પાઇ, સુજ્જુ દૃષ્ટિ લહી હૈ-તેરી૦...।।૨।।

ચંદ જયોં ચકોર પ્રીતિ, એસી રીતિ સહી હૈ ।
આદિ-અંત એક રૂપ, તોસો હોઇ રહી હૈ-તેરી૦...।।૩।।

એ દયાલ બહુત બાત, કહી જાત નહી હૈ ।
તાર હો ! સુમતિનાથ **ગુણવિલાસ** વહી હૈ-તેરી૦...।।૪।।

---

૧. ખંજન પક્ષીની જેવી સુંદર આંખો શોભે છે. (ત્રીજી ગાથાની બીજી લીટીનો અર્થ)

## કર્તા : શ્રી જગજીવનજી મ.

સુમતિ સુમતિદાયક સદા-જગત ગુરુ દીવો, [૨] નવલ કુનિ દેવ હો !
અખય [૩] અવય સુખ-સાગરુ-જગતગુરુ દીવો. નીતિ નમતાં તતખેવ હો-
-મનનો મોહન શુભ ગુણનો સોહન, જિન જનપતિ
પ્રભુ મારા ! સાંભલો અમ અરદાસ હો !...।।૧।।

દેવ સકલ મેં દેખિયા-જગત૦ કારિમા કપટના કંદ હો ।
દંભરહિત તિમ [૪] દિનમણિ-જગત૦ નીકો મંગલાદેવી-નંદ હો !...।।૨।।

આદિ અનંત સુખ સંપનો-જગત૦આતમગુણ શુભ કામ હો ।
[5]અડ-સહસ-લક્ષણે ઓપતો-જગત૦ ધરમધારક ગુણ ધામ હો ! ॥૩॥
ષટકાય-લોકને ખાંતિશું-જગત૦, અભયદાયક અભિરામ હો ।
મન-મનોરથ ફલેં જગ મહી-જગત૦, સમરંતાં તુઝ મુઝ સ્વામિ હો ॥૪॥
નાણ નિર્મલ નિધિ જાણીયે-જગત૦, ધ્યાવે ધરી શુભ ધ્યાન હો ।
શિવ-રમણી લહે તે સહી-જગત૦, નાથ અનંત તુઝ જ્ઞાન હો ॥૫॥
અલવેસર અવધારીયેં-જગત૦, તારીયે પાર સંસાર હો ।
ગણિ **જગજીવન** ગુણ સ્તવે-જગત૦, જિન જપતાં જયકાર હો ॥૬॥

૧. વિશિષ્ટ ૨. વળી ૩. શાશ્વત ૪. સૂર્ય ૫. આઠ અધિક હજાર એક હજાર ને આઠ

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-કેદારો)

જીઉં રે ! પ્રભુ-ચરને ચિત્ત લાય । સુમતિ ચિત્ત ધરી સુમતિ-જિનકો,
ભજન કરી દુઃખ જાય-જીઉં૦...॥૧॥
મોહ-માયાકી મહા-જાલમેં, ક્યું રહ્યો ? તું મૂંઝાય ? ।
અંતે જમ જબ આઇ પકરે, [1]કાહું પે ન રહાય-જીઉં૦...॥૨॥
ભવ અનંત દુખ ટારવેકું, ક્યું ન ગ્રહે ઉપાય ? ।
**જિનહર્ષ** પ્રભુ મુક્તિકો દાયક, પ્રીતિ અચલ બનાય-જીઉં૦...॥૩॥

૧. કોઈ પણ રીતે

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(રાગ-મારુ)

સુમતિનાથ સાચા હો ! પરિપરિ પરખતહી ભયા, જૈસા હીરા જાચા હો ।
ઓર દેવ સવિ પરિહર્યા, મેં જાણી કાચા હો-સુમતિ૦॥૧॥

તૈસી કિરિયા હૈ ખરી, જૈસી તુજ વાચા હો ।
ઓર દેવ સવિ મોહેં ભર્યા, સવિ મિથ્યા માચા હો-સુમતિ૦॥૨॥

ચઉરાસી લાખ વેષમાં, હું [૧]બહુ પરિ નાચા હો ।
મુગતિ દાન દેઇ સાહિબા, અબ કરહો [૨]ઉવાચા હો-સુમતિ૦॥૩॥

લાગી અગ્નિ-કષાયકી, સબ ઠોરહી આંચા હો ।
રક્ષક જાણી આદર્યા, મૈં તુમ શરન સાચા હો-સુમતિ૦॥૪॥

પક્ષપાત નહિ કોઉસું, નહિ લાલચ-લાંચા હો ।
શ્રી **નયવિજય** સુ-શિષ્યકો, તોસું દિલ રાચા હો-સુમતિ૦॥૫॥

---

૧. બહુ રીતે ૨. વરદાનથી તુષ્ટ

# શ્રી સુમતિનાથ ભગવાનના સ્તવન

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસ માઈ,
મેરુને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધા ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિ ઉણીમ કાંઈ, સેવીયે એ સદાઈ....॥૧॥

## શ્રી વીરવિજયજી કૃત થોય

સુમતિ સ્વર્ગ દિયે અસુમંતને;[૧]
મમત મોહ નહીં ભગંવતને;
પ્રગટ જ્ઞાન વરી શિવ બાલિકા.
તુંબરૂ વીર નમે મહાકાલિકા....॥૧॥

---

૧. પ્રાણીને ૨. બીજો



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી સુમતિનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : મેઘરાજા | માતાનું નામ | : મંગલા |
| જન્મ સ્થળ | : અયોધ્યા | જન્મ નક્ષત્ર | : મઘા |
| જન્મ રાશી | : સિંહ | આયુનું પ્રમાણ | : ૪૦ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૩૦૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૨૦ વર્ષ | દીક્ષા વૃક્ષ | : સાલ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૦ ર્યોત્સર્ગ | ભ | અયોધ્યા |
| સાધુઓની સંખ્યા | : ૩,૨ ાવણ સુદિ ૨ | જન્મ કલ્યાણક : | ૩૦,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨, શાખ સુદિ ૯ | કેવલજ્ઞાન કલ્યાણક : | ૧૬,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : તુંબર ત્ર સુદિ ૯ | મોક્ષ સ્થાન : | હાકાળી |
| પ્રથમ ગણધરનું નામ | : ચરમ | પ્રથમ આર્યાનું નામ | : કાયસ્મી |
| મોક્ષ આસન | : કાર્યોત્સર્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : શ્રાવણ સુદિ ૨ | જન્મ કલ્યાણક | : વૈશાખ સુદિ ૮ |
| દીક્ષા કલ્યાણક | : વૈશાખ સુદિ ૯ | કેવલજ્ઞાન કલ્યાણક | : ચૈત્ર સુદિ ૧૧ |
| મોક્ષ કલ્યાણક | : ચૈત્ર સુદિ ૯ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩